વર્ષ ૨૦૦૪-૦૫ થી ૨૦૧૩-૧૪ દરમ્યાન પ્લાન યોજનની આવકના સુચારૂ ઉપયોગ માટે જુદા જુદા કેન્દ્રોની ફાર્મ વિકાસની કામગીરીઓને મંજુરી આપવા માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં તા. ૨૧.૮.૨૦૧૪ ના રોજ ૧૬.૩૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ બાબત...

---

મીટીંગમાં નીચે જણાવેલ અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા.

| | |
|---|---|
| (૧) | ડૉ. એ.આર.પાઠક, માન. કુલપતિશ્રી, નવસારી. |
| (૨) | ડૉ. એ. એન. સાબલપરા, સંશોધન નિયામકશ્રી, નવસારી. |
| (૩) | ડૉ. બી.એન.પટેલ, સહ સંશોધન નિયામકશ્રી, નવસારી. |
| (૪) | ડૉ.એન.એલ.પટેલ, આચાર્યશ્રી, અસ્પી બાગાયત-વ- વનિય મહાવિધ્યાલય, નવસારી, |
| (૫) | ડૉ. એન.એચ.કેલાવાલા, આચાર્યશ્રી, વેટરનરી કોલેજ, નવસારી. |
| (૬) | ડૉ. જી.જી. રાદડીયા, કુલસચિવશ્રી, નવસારી. |
| (૭) | ડૉ. જી.એચ.પટેલ, વિસ્તરણ નિયામકશ્રી, નવસારી. |
| (૮) | ડૉ.આર.જી.પાટીલ, સંશોધન વૈજ્ઞાનિકશ્રી, (સોઇલ એન્ડ વોટર) નવસારી. |
| (૯) | ડૉ. એ.બી.ફુલસૌંદર, સંશોધન વૈજ્ઞાનિકશ્રી, (એલ.આર.એસ) નવસારી. |
| (૧૦) | ડૉ. જે.ડી.થાનકી, પ્રાધ્યાપક અને વડાશ્રી (સસ્ય વિજ્ઞાન) નવસારી. |
| (૧૧) | શ્રી આર.ડી.પ્રજાપતિ, ઇજનેરશ્રી, નવસારી |
| (૧૨) | શ્રી ડી.ટી. ચૌધરી, હિસાબી અધિકારી-વ- હિસાબ નિયામકશ્રી, નવસારી |
| ૧૩) | ડૉ. વી.એમ.ઠુમર, આયોજન અધિકારીશ્રી, સંશોધન નિયામકશ્રીની કચેરી, નવસારી |
| (૧૪) | શ્રી એ.એમ.પટેલ, મદદનીશ પ્રાધ્યાપક, સંશોધન નિયામકશ્રીની કચેરી, નવસારી |

સૌ પ્રથમ સંશોધન નિયામકશ્રીએ યુનિવર્સિટી હસ્તક ચાલતી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણને લગતી વિવિધ યોજનાઓમાં વર્ષ ૨૦૦૪-૦૫ થી ૨૦૧૩-૧૪ દરમ્યાન થયેલ આવકનું પત્રક હિસાબી અધિકારી-વ-હિસાબી નિયામકશ્રી દ્વારા તૈયાર કરેલ જુદા જુદા સરકારી બજેટ હેડમાં રૂ.૬,૮૭,૯૦,૪૯૦.૪૮ આવક જમા થયેલ છે. તેની વિગતો કમિટી સમક્ષ રજુ કરવામાં આવી. જે સબબ માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર સદરહુ આવકનો સુચારૂ ઉપયોગ કરવા માટે યુનિવર્સિટીના વિવિધ સંશોધન કેન્દ્રોને ફાર્મના વિકાસ અંગે પડતી મુશ્કેલીના નિરાકરણ માટે ગ્રાન્ટનો ઉપયોગ કરવા સુચન કરેલ છે. જેને ધ્યાને લઈ દરેક સંશોધન કેન્દ્ર પાસેથી ફાર્મ ડેવલપમેન્ટ અંતર્ગત આવેલ દરખાસ્તો વિષે વિસ્તૃત ચર્ચા કરી દરેક કેન્દ્રને જરૂરિયાત અનુસાર સર્વે કમિટી સભ્યોશ્રીએ જુદા જુદા સરકારી બજેટ હેડમાં ગ્રાન્ટ ફાળવવા અનુમતિ આપવામાં આવી.

(અમલ : યુનિટ/સબ યુનિટ અધિકારીઓ)

- પ્લાન યોજનામાં થયેલ આવકની ફાળવણી અંગે આયોજન અધિકારી અને હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, નવસારીએ સાથે મળી નિતી નિયમો નક્કી કરી ગ્રાન્ટ ફાળવવા આદેશો કરવાના રહેશે.

(અમલ : આયોજન અધિકારી અને હિસાબી અધિકારી-વ- હિસાબ નિયામકશ્રી, નવસારી)

અંતમાં સહ સંશોધન નિયામકશ્રીએ મીટીંગમાં હાજર રહેલ તમામ અધિકારીશ્રીઓનો આભાર માની મીટીંગ પુર્ણ જાહેર કરી.

જા.ન.ન.કૃ.યુ./ટી-૨/પ્લાન ફાર્મ ડેવલપમેન્ટ/9923/૨૦૧૪
તા.૦૨/૦૯/૨૦૧૪
03

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ